આપણી કમજોરીનું
કારણ અને બિમારીનું
તારણ એટલે ચિંતા
- જાબર્ટ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૫૧ ૯ ઓગષ્ટ ૨૦૧૨, ગુરૂવાર, શ્રાવણ વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં વધતો મેલેરિયાનો ઉપદ્રવ

## શહેરમાં એક જ દિવસમાં ૧૦ સાદા મેલેરિયા અને ૨ ઝેરી મેલેરિયાના કેસ નોંધાયા


(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં મેલેરિયા અને ઝેરી મેલેરિયાના કેસોની સંખ્યામાં ઉછાળો નોંધાતાં આરોગ્ય તંત્રએ તેની એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં એક જ દિવસમાં ૧૦ મેલેરિયાના સાદા કેસો નોંધાયા છે તો બે ઝેરી મેલેરિયાના કેસો નોંધાતા આરોગ્ય તંત્રની અર્બન મેલેરિયા શાખા હરકતમાં આવી ગઈ છે.

નોંધાયેલા આ કેસો ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો મુજબ તંત્ર દ્વારા નોધાયેલ દર્દીઓના રહેણાંક અને તેની આસપાસના વિસ્તારોમાં એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી દેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ મેલેરિયાના કેસો છુટા છવાયા જે મળી રહ્યા હતા તેમાં વધારો થયાના અહેવાલો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ બન્યુ 'હોઈ કેસોની સંખ્યામાં ઉછાળો નોંધાયાનું તંત્ર માની રહ્યું છે. તંત્રનો દાવો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં મેલેરિયાના કેસોની સંખ્યામાં થોડોક ઉછાળો નોંધાયો હોવાનું તંત્રના અધિકારીઓ આડકતરી રીતે એકરાર કરી રહ્યા છે. જો કે ઓગષ્ટ અને સપ્ટેમ્બર દરમ્યાન આ કેસો સામાન્યતઃ વધતા હોવાનું પણ જણાયુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં ચાલી રહેલા મજૂરોના સ્ક્રીનીંગની કામગીરીને વધુ સઘન બનાવવા માટેની તાકીદ કમિશનરશ્રી ખરસાણે કરી છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં ગંદા પાણીનો ભરાવો ક્યાંય ન થાય તે જોવા પણ જણાવ્યું છે. એટલુ જ નહિ વરસાદી પાણીના નિકાલ સહિતની કામગીરીનું અસરકારક મોનીટરીંગ કરવા તેમણે જણાવ્યું છે.


તહેવારોની મૉસમમાં આજનો દિન છે શીતળા સાતમનો. નગરમાં અનેક સ્થળોએ મહિલાઓએ ભાવપૂર્વક શીતળા માતાની પ્રતિમા તૈયાર કરીને પરંપરાગત રીતે ભાવપૂર્વક એનું પૂજન કર્યુ હતું. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ વિતરણમાં ઉદાસીનતા સામે તોળાતાં પગલાં

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ વિતરણની કામગીરી એજન્સીની ઉદાસીનતાને કારણે ઠપ્પ થઈ જતાં તંત્રએ ઉચ્ચસત્તાવાળાઓનું ધ્યાન દોરી આગળની કાર્યવાહી હાથ ધરવાની મંજૂરી માંગી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ વિતરણની કામગીરી તેના આરંભથી જ વિવાદમાં પડેલી છે અને આ વધુ એક વિવાદ છેડાયો છે. અગાઉ તલાટીઓએ આ કામગીરીનો વિરોધ કર્યો હતો હવે એજન્સીના માણસો જ જે તે ગામે નહિ જતા હોવાનું ધ્યાને આવતાં ચોંકી ઉઠેલા તંત્રએ આ બાબતે ઉચ્ચ સત્તાવાળાઓનું ધ્યાન દોર્યુ છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં પણ બારકોડેડ રેશનકાર્ડ વિતરણની કામગીરી ખોરવાઈ જવા પામી છે. તંત્ર દ્વારા આ માટે જે અસરકારક કામગીરીનું આયોજન કરવું જોઈએ તે થયું નથી.

રાજ્ય સરકારે સપ્ટેમ્બરના અંત પહેલાં આ કાર્ડ વિતરણ કરી દેવા માટેનો લક્ષ્યાંક આપ્યો હતો. મળતી વિગતો મુજબ રાજ્યના ઘણાબધા જિલ્લાઓમાં કામગીરી ઠપ્પ થઈ ગયાના અહેવાલો મળતાં

● અનુસંધાન પાન-૭ પર

# નર્મદા બંધ ઓવરફ્લો

## નર્મદા કેનાલમાં પાણી વહાવી રાજયનાં જળાશયો ભરાશે





ગાંધીનગર, તા.૮

ઉપરવાસમાંથી પાણીનો આવરો આવતાં ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધ ઓવરફલો થતાં પમ્પીંગ સ્ટેશનો દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જળાશયો ભરવામાં આવશે.

ઉપરવાસમાં ભારે વરસાદ થતાં નર્મદાબંધમાં પાણીની આવક થતાં હાલ ૧૨૭ મીટરે બંધમાં પાણીની સપાટી પહોંચવા પામી છે. ૧૧ લાખ કયુસેક જેટલા પાણીનો આવરો આવતાં આજે રાત સુધીમાં નર્મદા બંધની જળ સપાટી ૧૨૯ મીટરે પહોંચશે જેના કારણે નર્મદા બંધ ઓવર ફલો થશે.

નર્મદા બંધ ઓવરફલો થતાં આ પાણી નર્મદા કેનાલમાં છોડવામાં આવશે અને પમ્પીંગ સ્ટેશનો દ્વારા પાણી પહોંચાડીને સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જળાશયો ભરવામાં આવશે.

નર્મદા બંધમાં પાણીની આવક થતાં રાજયમાં પીવાના પાણીની તંગીને પહોંચી વળવામાં મદદરૂપ બનશે અને પાણીની સમસ્યા હળવી બનશે.

પ્રાપ્ત વિગતો મુજબ નર્મદા બંધ ઓવરફલો થતાં અને નર્મદા નદી બે કાંઠે થતાં ભરૂચ જિલ્લાના ૨૭ ગામોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.

રાજયમાં વરસાદ ખેંચાતા અછતની સ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે નર્મદા બંધમાં ઉપરવાસમાંથી પાણીનો આવરો આવતાં પાણીની સમસ્યા હળવી થશે.

પડોશી રાજ્યમાં થયેલા ભારે વરસાદના કારણે નર્મદા ડેમના ઉપરવાસમાં આવેલા તમામ બંધ ભયજનક સપાટી ઉપર પહોંચ્યા છે. જેના લીધે ઉપરવાસ અને ઓમ કારેશ્વર ડેમમાંથી ૧૨૦૦૦૦૦ ક્યુસેક પાણી છોડવાની ફરજ પડી છે.

રાજયના ટોચના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે બંધમાં આવનાર પાણીને પીવાના પાણી માટે ભાવિ ઉપયોગ માટે સ્ટોર કરી શકાય નહીં. મધ્ય પ્રદેશમાં અતિ ભારે વરસાદ થતાં ગુજરાતને પરોક્ષ રીતે ફાયદો થયો છે. પાણીના પ્રવાહના સ્ટોરેજની મંજૂરી આપવામાં આવી નથી. પીવાના પાણી અને સિંચાઈ માટે આ પાણી સ્ટોર કરી શકાશે નહીં. કારણ કે બંધની ઊંચાઈ છેલ્લા ઘણા વર્ષથી ૧૨૧.૯૨ મીટર રહી છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના એમડીએ કહ્યું છે કે ૧૩૮.૬૪ મીટરે પાણી સ્ટોર કરી શકાય નહીં. આજે આ સપાટી ઉપર પાણી પહોંચી ગયું હતું. હવે ઓવર ફલો થયેલા બંધને જોવા માટે પ્રવાસીઓ ઉમટી પડે તેવી શક્યતા છે.

# ...તો ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલ અને સીએનજી પર વેટનો દર ઘટાડીશું : કેશુભાઈ પટેલ

## ગુજરાત પરિવર્તન પાર્ટીના ચૂંટણી સંકલ્પોની જાહેરાત

ગાંધીનગર, તા. ૮

ગુજરાત પરિવર્તન પાર્ટી માત્ર શબ્દોથી નહિ પરંતુ અમે એક સંવેદનાસભર અને હકારાત્મક કાર્યક્રમો સાથે ગુજરાતની પ્રજાની સમસ્યાઓને દૂર કરવા અને તેમાં રાહત આપવા માટે ચૂંટણી ઢંઢેરાના ભાગરૂપે આજે કેટલાક આકર્ષક પેકેજો આપશે તેવી જાહેરાત પક્ષના પ્રમુખ કેશુભાઈ પટેલે કરી હતી.

અમદાવાદ ખાતે યોજાયેલી એક ભરચક પત્રકાર પરિષદમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉદ્દેશ અને નિતીનો ઉલ્લેખ કરીને પક્ષ સત્તા પર આવશે તો ગુજરાતની પ્રજાની સમસ્યાઓમાં રાહત આપવા માટે શું કરશે તે અંગેના આકર્ષક પેકેજોની રૂપરેખા આપતા જીપીપીના અધ્યક્ષ કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે મોંઘવારીમાં પીસાઈ રહેલી પ્રજાને રાહત આપવા માટે ગૃહિણીઓને ઘરવપરાશ માટે વપરાતા રાંધણગેસના સિલિન્ડર દીઠ રૂ. ૧૦૦ની સહાય આપવાનું વચન આપ્યું છે.

આ ઉપરાંત પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી. પરના વેટના દરમાં ઘટાડો કરવામાં આવશે. એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. પરના વેટમાં ૩૦ ટકાની રાહત આપવામાં આવશે. આ ઉપરાંત ભવિષ્યમાં કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ ડીઝલ અને સી.એન.જી.ના ભાવમાં વધારો કરવામાં આવશે તો પણ વધારાના ભાવ પર વેટ લાગશે નહી.

રાજ્યના દરેક મુસાફરોને તમામ પ્રકારની એસ.ટી. બસ સેવાઓમાં ૨૦ ટકા ભાડા ઘટાડો કરવાનું વચન આપતાં એમ જણાવ્યું હતુ કે ૬૫ વર્ષથી વધુ ઉંમરના સિનિયર સિટીઝનને મુસાફરી ભાડામાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે. જ્યારે વિકલાંગોને તમામ પ્રકારની એસ.ટી. બસમાં એક સહાયક સાથે વિનામૂલ્યે મુસાફરી કરવા દેવાશે.

ઘરવપરાશના વીજબીલમાં રાહત પેકેજ અંગેની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે માસિક ૧૦૦ યુનિટ સુધી વીજળી વાપરનાર ગ્રાહકોને વીજબીલમાં ૩૦ ટકા માસિક ૨૦૦ યુનિટ સુધીના વીજ વપરાશમાં ૨૫ ટકા અને માસિક ૩૦૦ યુનિટ સુધીના વિજવપરાશના બીલમાં ૧૫ ટકા રાહત આપવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર










